ગાંધીનગર સમાચાર
તા. ૭-૫-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સલમાનને સજા આપીને ન્યાયાધીશે દાખલો બેસાડ્યો છે

તેર વરસ અગાઉ મુંબઇના બાન્દ્રા ખાતે મોડી રાતે નશામાં ધૂત થઇને મદિરાલયમાંથી બહાર નીકળેલા લોકપ્રિય અભિનેતા સલમાન ખાતે એમની ગાડી ફૂટપાથ પર ચડાવી દીધી હતી અને અમેરિકન એક્સપ્રેસ લોન્ડ્રી સામે ફૂટપાથ પર સૂઇ રહેલા પાંચ માણસોને કચડી નાખ્યા હતા જે પૈકી એકનું મોત થઇ ગયું હતું. તેર તેર વરસ લગી લંબાયેલા આ 'હિટ એન્ડ રન' કેસનો ચુકાદો ક્યારે આવશે એની તમામ લોકો આતુરતાપૂર્વક રાહ જોતા હતા. સલમાન ખાને એમનું નિવેદન વારંવાર બદલ્યું હતું અને સાક્ષીઓને ફોડવા માટેના પણ થઇ શકે એટલાં બધા જ પ્રયાસો કર્યા હતા. આખરે એક તબક્કે તો સલમાને પબમાં ગયો હોવાં છતાં પોતે દારુ પીધો જ નહોતો, માત્ર સોફ્ટ ડ્રિંક્સ લીધાં હતા એવી વાહિયાત દલીલ પણ કરી હતી, જયારે એમના લોહીની તપાસમાં આલ્કોહોલ મળી આવ્યો હતો. વળી, પોતે ગાડી ચલાવતા જ ન હતા એવું સાબિત કરવાની કોશિશ પણ કરી હતી. એમના ડ્રાઇવર અશોકસિંહે પોતે ગાડી ચલાવતો હોવાની જુબાની આપ્યા પછી એમ જ લાગતું હતું કે સલમાનને નિર્દોષ સાબિત કરવાના એમના નિષ્ણાંત વકીલોના પ્રયત્નો કદાચ ન્યાયની દેવીને આંધળી ઠેરવીને જ રહેશે! પરંતુ આ દેશનું સદ્‌ભાગ્ય છે કે નાનામોટા પ્રમાણમાં સડો ખુદ ન્યાયતંત્રમાં પણ પેઠો હોવાના કેટલાક દાખળા જોવા મળતા હોવા છતાં, મહદ્‌અંશે ન્યાયતંત્ર ન્યાયપૂર્વક વર્તતું રહ્યું છે. ન્યાયતંત્રની આ સત્યનિષ્ઠા પર પ્રજાને પણ ભરોસો છે. એ ભરોસો અકબંધ રહે અને આંખે પાટા બાંધીને ન્યાય તોળતી હોવા છતાં ન્યાયની દેવી ભીંત પાછળ ભાળે છે - એવો સધિયારો મળે એવા સીમાચિહ્નરુપ ચુકાદા માટે સેશન્ટ કોર્ડના ન્યાયાધીશને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં જ ગણાશે. સલમાનને કલમ ૩૦૪ (૨) હેઠળ અજાણતાં કરાયેલા હત્યાના ગુનેગાર ઠરાવવામાં આવ્યા હોઇ એમને વધુમાં વધુ દસ વરસની સજા થઇ શકે એમ છે. બોલીવુડમાં 'દબંગ' હીરો તરીકે ભારે દબદબો ધરાવતાં સલમાનખાન અભિનેતા ઉપરાંત સખાવતી 'ફિલોન્થ્રોપિસ્ટ' પણ છે. પરંતુ એમની સામે હરહંમેશ કોઇ ને કોઇ વિવાદ ચાલતો જ રહ્યો છે. પછી એ ઐશ્વર્યાથી લઇ કેટરીના કૈફ સુધીની રુપસુંદરીઓ સાથેના અભદ્ર વ્યવહાર અંગે હોય કે મીડિયા સાથેની બોલાચાલીનો હોય. સલમાન અને શાહરુખ વચ્ચે વેરભાવ પ્રવર્તતો હતો એ એમની લાડકી બહેન અર્પિતાનાં લગ્ન વખતે ઓગળી ગયો હોવાનું કહેવાય છે. પરંતુ પચાસની વયે પહોંચેલાં આ હીરોનો મિજાજ હંમેશા સાતમા આસમાને રહેતો હોઇ એ કયારે કેવું વર્તન કરી બેસશે તે કળવું મુશ્કેલ લાગતું રહ્યું છે. જોધપુર ખાતે એમની સામે કાળિયારના શિકારનો કેસ પણ ચાલી રહ્યો છે. ઉઘાડી છાતી અને માંસલ ભુજાઓ નવી પેઢી માટે 'હીરોઇઝમ'નાં લક્ષણ હોઇ શકે. પરંતુ સલમાન હોય કે જેલ ભોગવી રહેલ સંજય દત્ત : કાયદો તો એમને અન્ય ભારતીય નાગરિકોની પંગતમાં જ બેસાડશે. સંજય દત્ત કેવડા મોટા અને વગદાર ખાનદાનનું વંઠી ગયેલું ફરજંદ - એમે પરવાના વગર એ.કે. ૪૭ કે એ.કે. ૫૬ પોતાની પાસે રાખી એ ગુનો પુરવાર થતાંની સાથે એને જેલની હવા ખાવી પડી હતી તે આપણા ન્યાયતંત્રની નૈતિકતાનો પુરાવો છે. સલમાનખાન પણ એવાં જ ઊંચા ખાનદાનનું વંઠેલું ફરજંદ છે. ફિલ્મોમાં હીરોગીરી અને દબંગગીરી ચાલી શકે, પણ તમે કોઇ નિર્દોષ નાગરિકો પર ગાડી ફેરવી દો ત્યારે તમને કાયદો નહીં જ છોડે. સલમાનને બચાવવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા છે અને ઊંચી ફી ભરીને રોકેલા વકીલોની દલીલો સામે સેસન્સ જજની ન્યાયનિષ્ઠા અડીખમ રહી છે. જુઠાણાં પકડી પાડવા માટે પણ સંવેદનશીલતા જોઇએ. આવી સંવેદનશીલતા દાખવનાર ન્યાયતંત્રને સો સો સલામ!

# આજે રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા યોજાશે

### મેડીકલ-ડેન્ટલ અને સંબંધિત વિધાશાખાઓમાં પ્રવેશ માટે ફરજિયાત એવી ગુજકેટને લઈને વિદ્યાર્થીઓ ઉત્સુક બન્યા

અમદાવાદ, તા.૬

રાજયભરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષા આપનાર ગ્રુપ-બી વિદ્યાર્થીઓને મેડીકલ-ડેન્ટલ અને તે સંબંધીત વિધાશાખાઓમાં પ્રવેશ માટે ફરજીયાત એવી ગુજકેટની પરીક્ષા આવતી કાલે સમગ્ર રાજયમાં એકસાથે લેવામાં આવશે. આ પરીક્ષામાં રાજયભરમાંથી અંદાજે ૧.૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. જેના સંચાલનની જવાબદારી ઝોલન ઓફીસરોને સોપવામાં આવી છે. આવતીકાલે લેવાનાર ગુજકેટની પરીક્ષા માટે દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર બેઠક વ્યવસ્થાની ફાળવણી કરી દેવામાં આવી છે. દરેક પરીક્ષા કેન્દ્રએ એક મદદનીશ સ્થળ સંચાલક અને એક ડીઈઓ ઓફીસના કર્મચારીની નિમણૂક કરવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો ઉપર મોબાઈલ લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. તેમજ પરીક્ષા સમયે સીસીટીવી કેમેરાની મદદથી વિદ્યાર્થીઓ ઉપર બાજ નજર રાખવામાં આવશે આ માટે જિલ્લા સ્તરે કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે.

ગુજકેટની પરીક્ષાના પેપરો મંગળવારે જ જેતે જિલ્લામાં મોકલી આપવામાં આવ્યા હોવાથી આ કંટ્રોલરૂમમાં સીલ કરી મુકી દેવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન દરેક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થીઓને બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી છે. તેમજ આ ૨૦ વિદ્યાર્થીઓ ઉપર ખાસ નજર રાખવા માટે અક બ્લોકમાં બે સુપરવાઈઝરોની નિમણુક કરવામાં આવી છે પરીક્ષાનો સમય સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકનો હોવાથી વિદ્યાર્થીઓને સવારે ૧૦:૩૦ કલાકે જ પરીક્ષા કેન્દ્રો પ્રવેશ આપી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજકેટની પરીક્ષામાં વિદ્યાર્થીનો જવાબ સાચો પડે તો એક માર્ક મળે છે જ્યારે જવાબ જો ખોટો પડે તો નેગેટિવ માર્કીંગ સિસ્ટમ મુજબ ૦.૨૫ માર્ક મળેલા ગુણમાંથી કાપી લેવામાં આવે છે. આ ગુજકેટની પરીક્ષામાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, અને બાયોલોજીના કુલ મળીને ૧૨૦ માર્કસના એમસીક્યુ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. તેમજ મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશ માટે ગુજકેટ પરીક્ષાનો ગુણ ભારાંક જઈ ટકા છે.

## હરિની દૃષ્ટિ...




સિંહની સંખ્યામાં ભૂલ થશે એ આપણે સુધારી લઇશું... પણ આ જેટલા ગયા છે એમને ગણી લેજે... ઓછા નથી થયા ને... ??

# રવિવારે કોટેશ્વર મુકામે પ્રજાપતિ સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૬

અમદાવાદના સમસ્ત અગિયાર જિલ્લા પ્રજાપતિ વિકાસ પંચ અને ગુજરાતી પાક્ષિક શાઈનીંગ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦મી મે રવિવારે પ્રજાપતિ સમાજના લગ્નોત્સુકો માટે પ્રથમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળો ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામે સહજાનંદ ગુરૂકુળ ખાતે સવારે ૯ વાગ્યાથી યોજાશે.

જીવનસાથી પસંદગી મેળામાં સમારંભના અધ્યક્ષ પદે રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિરચંદભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે. સમારંભનું ઉદ્‌ઘાટન અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના પ્રમુખ અને વડોદરાના પૂર્વ મેયર દલસુખભાઈ પ્રજાપતિના હસ્તે કરાશે તેમજ આ પ્રસંગે રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રમણભાઈ પ્રજાપતિના હસ્તે સોવેનિયરનું વિમોચન કરાશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિકાસમંચના પ્રમુખ બાબુભાઈ પ્રજાપતિ અને મહામંત્રી શ્રીરામ પ્રજાપતિ તેમજ સભ્યો દ્વારા કરવામાં આવ્યું છે.

આ જીવનસાથી પસંદગી મેળાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ પ્રજાપતિ સમાજના છેવાડાના વિસ્તારના યુવક યુવતીઓને જીવનસાથી પસંદગી માટે ખરેખર લાભ મળે તે છે. પસંદગી મેળામાં લગ્નોત્સુક યુવક-યુવતીઓને વિનામૂલ્યે જીવનસાથી પસંદગી માટેની તક પુરી પાડવામાં આવશે.

# રવિવારે સેક્ટર-૨૨માં હૃદયરોગ-ફેફસાં સાંધાના દુઃખાવા માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ

### રોટરી કલબ અને સીમ્સ હોસ્પિટલનું સંયુક્ત આયોજન : બી.પી., ડાયાબીટીશ, દમ, કાર્ડિયાક પ્રોબ્લેમ્સ, કિડની, ઘુંટણ-સાંધાના દુઃખાવા વગેરેની તપાસ કરાશે : ઈકો કાર્ડિયોગ્રાફી માત્ર રૂ. ૧૦૦માં કરી અપાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની રોટરી કલબ તથા અમદાવાદની સીમ્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦મી મે રવિવારે હૃદયરોગ, ફેફસાં તથા સાંધાના દુઃખાવા માટેનો વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પ સે. ૨૨માં પંચદેવ મંદિર પાછળ ફિઝીયોથેરેપી સેન્ટર ખાતે સવારે ૯.૩૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે.

આ કેમ્પમાં હાઈ બ્લડપ્રેશર (બીપી), ડાયાબીટીશ, અગાઉ હાર્ટએટેક આવી ગયેલ હોય અને એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરાવી હોય, વાલ્વની બિમારી હોય, ઘુંટણ સાંધાના દુઃખાવાને લગતા રોગો, કિડનીને લગતી બિમારીઓ તથા ફેફસાંને લગતી દમ તથા અન્ય બિમારીઓના દર્દીઓની તપાસ કરાશે. આ ઉપરાંત કેમ્પમાં ઈકો કાર્ડીયોગ્રાફી જેવી સેવાઓ માત્ર રૂ. ૧૦૦ના રાહતદરે કરી આપવામાં આવશે. કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે દર્દીઓને તપાસવામાં આવશે. કેમ્પમાં સીમ્સ હોસ્પિટલના નામાંકિત તબીબો ડૉ. હેમાંગ બક્ષી, ડૉ. ધીરેન શાહ, ડૉ. હેમાંગ અંબાણી, ડૉ. ચિરાગ પટેલ અને ડૉ. અમિત પટેલ તેમની સેવાઓ આપશે.

# ગાઈડશિપ ફાળવવામાં પણ નિયમોનો ખુલ્લો ભંગ કરાયો

### ગુજરાત યુનિવર્સિટીમાં એક પછી એક નવા કાંડ સપાટીએ

અમદાવાદ, તા.૬

ગુજરાત યુનિવર્સિટીમાં પીએચડીમાં ગેરકાયદેર રીતે આપવામાં આવેલ પ્રવેશનો વિવાદ હજી સમ્યો નથી ત્યારે ગાઈડશિપ પણ ગેરકાયદેસર રીતે અપાઈ હોવાની ચોકાવનારી વિગતો આરટીઆઈમાં માંગેલી વિગતોમાં બહાર આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં દિવસ ઉગેને નિત-નવા કૌભાંડો સામે આવે છે. તાજેતરમાં જ કોમર્સ ફેકલ્ટીના પૂર્વ ડીન નીતિન શાહે મેળવેલ ગાઈડશિપમાં યુનિવર્સિટીના નિયમોનું પાલન ન થયું હોવાની ચોકવનારી વિગતો આરટીઆઈ અરજીના જવાબમાં મળેલ માહિતીમાં બહાર આવી હતી. આ મામલો હજી સમ્યો પણ નથી ત્યાંજ યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગમાં અપાયેલ પાંચ ગાઈડશિપમાં પણ યુનિવર્સિટીના ઓર્ડિનન્સની કલમ ૫.૩ની જોગવાઈનું પાલન ન કરવામાં આવ્યું હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે એક અધ્યાપક દ્વારા કરવામાં આવેલ આરટીઆઈ અરજીના જવાબમાં મળેલી માહિતી મુજબ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં ગાઈડશિપ ધરાવતા પાંચ અધ્યાપક યુનિવર્સિટી સલગ્ન જે તે સંસ્થામાં રેગ્યુલર અધ્યાપક તરીકે ફરજ બજાવતા જ નથી. એટલુ જ નહી ગાઈડશિપ મેળવવા માટે અધ્યાપકો પ્રોસ્ટ ગ્રેજ્યુએશન ઓછા પાંચ વર્ષ સુધી અભ્યાસ કરાવેલ હોવો જોઈએ.

અધ્યાપકોને પીએચડીની ડીગ્રી મળ્યાને પાંચ વર્ષથી વધુ સમય થયેલો હોવો જોઈએ તેમજ ઓછામાં ઓછા ત્રમ પેપરના રિવ્યુ જર્નલમાં છપાયા હોવા જોઈએ જો કે આ પાંચે ગાઈડશિપ ધારકો ઉપરોકત લાયકાત ધરાવતા ન હોવાતું સામે આવ્યું છે. યુનિવર્સિટીના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં જે પાંચ ગાઈડશિપમાં આર્ડિનન્સના નિયમનો ભંગ કરવામાં આવ્યો છે. તે પાંચ અધ્યાપકોના નામ ધવલ પટેલ, હરેશ વાઢેલ, જગદીશ માહેલા, ભાવેશ મોદી અને નિલન શાહ હોવાનું જાણવા મળ્યું છે જો કે યુનિવર્સિટીનાં સત્તાધીશો આ સમગ્ર પ્રકરણમાં મગનું મરી પાડવા પણ તૈયાર નથી જેના કારણે આ મામલે આગામી દિવસોમાં યુનિવર્સિટીમાં મામલો ગરમાય તેવી શક્યતા છે.

# બાલોત્સવમાં ગાંધીનગરના બાળકો રંગત જમાવશે

ગાંધીનગર, તા.૬

વેકેશન દરમિયાન રંગમંચલક્ષી વિવિધ પ્રવૃત્તિઓની સુંદર તાલીમ મેળવનાર કલરવ સંસ્થાના બાળકોના વૈવિધ્યસભર કાર્યક્રમ બાલોત્સવનું આયોજન આગામી તા. ૯મી મેના રોજ સવારે ૮.૩૦ વાગે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે કરવામાં આવ્યું છે.

કલરવ સંસ્તા દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોને વિવિધ રંગમંચલક્ષી પ્રવૃત્તિઓની પધ્ધતિસરની તાલીમ નિષ્ણાત તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે. હાલમાં સંસ્થા દ્વારા ૧૨ દિવસીય તાલીમ સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે ચાલી રહી છે જેમાં ગાંધીનગરના ૧૬૦થી વધુ કલા ઉત્સુક બાળકોએ રંગમંચલક્ષી વૈવિધ્યતા સભર કૃતિઓની સુંદર તાલીમ મેળવી છે. બાળકોએ તૈયાર કરેલ કૃતિઓની સ્ટેજ પર પ્રસ્તુતિ બાલોત્સવ સ્વરૂપે તા. ૯મી મે ના રોજ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે કલ્પતરૂ પાવર ટ્રાન્સ લી.ના એમ.ડી. શ્રી રણજીતસિંહ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં કથ્થક, ભરતનાટયમ, નાટક-રાજુની રામાયણ, ગરબો, ભંગડા, રાજસ્થાની નૃત્ય, નાટક-જાત મહેનત જીંદાબાદ, લાડકી, હરિયાણવી નૃત્ય, રાસ, કલાસિકલ ફયુઝન, મરાઠી નૃત્ય તથા ગ્રાન્ડ ફિનાલે યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને બાળકોને પ્રોત્સાહન આપવા કલરવ સંસ્થાના પ્રમુખ શ્રી કમલ કિશોર જૈને આમંત્રણ પાઠવ્યું છે.

# બુક ફેરમાં આજે ટેલિવિઝન પ્રોગ્રામ અને સ્ક્રીપ્ટ રાઈટિંગ

અમદાવાદ, તા.૬

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષ ગુજરાત સ્થાપના દિને એટલે કે ૧લી મે થી ૭મી મે સુધી પુસ્તક મેળાનું આયોજન કરવું તેવો સંકલ્પ કરવામાં આવ્યો આ વર્ષે પણ ૧-૫-૨૦૧૫ના રોજ અમદાવાદ નેશનલ બુક ફેરના ચોથી આવૃતિનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આજના કાર્યક્રમોમાં જ્ઞાનગંગા સત્રમાં બપોરે ૧૨.૩૦થી ૦૨.૩૦ કલાકે વિપુલ શર્મા દ્વારા ટેલિવીઝન પ્રોગ્રામ સ્ક્રિપ્ટ રાઈટીંગ અંગેના વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ટેલિવીઝન પ્રોગ્રામ તેમજ સ્ક્રિપ્ટ રાઈટીંગ અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી. રંગ રંગ વાદળિયામાં બપોરે ૦૨.૦૦થી ૦૩.૩૦ કલાકે લર્નીંગ એક્ટિવીટીસ અંતર્ગત વી.રામાનુજ અને ટીમ એ.એમ.સી. દ્વારા ચિત્ર સ્પાર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

બપોરે ૩.૦૦થી ૪.૦૦ કલાકે જાણિતા લેખક અને કોલમનિષ્ટ દીપક સોલીયા સાથે નોવેલ અને સ્ટોરી પ્રિય તેમજ સ્ટોરી-નોવેલ રાઈટીંગમાં રૂચી ધરાવતા શહેરીજનો ખાસ કરીને યુવાનો સાથે મુલાકાત અને સંવાદ યોજાયો હતો. ૦૪.૦૦ થી ૫.૩૦ કલાકે ઈન્ફોટેઈનમેન્ટ અંચર્ગત અમદાવાદ બુક કલબનાં ઈલેક્ષી પટેલ દ્વારા ઈન્ડીઅન કોમીકસ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ત્યારબાદ માતૃભાષા અભિયાનું અંતર્ગત મનીષ પાઠક, ભાવિન શેઠે, ડો.પી.જી.પટેલ દ્વારા માહિતી પિરસવામાં આવેલ હતી. ૪.૩૦થી ૫.૩૦ કલાકે કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં લોક કવિઓ દાદુભાઈ ગઢવી (કવિ દાદ) સાથે મુલાકાત, ધનશ્યામ કવિ અને જીતુ દાદ ગઢવી દ્વારા કવિતા-કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. ૦૫.૩૦ થી ૦૬.૩૦ કલાકે રાઈટર્સ કલબ મીટ અંતર્ગત અમદાવાદ બુક કબલ અને એ.એમ.સી દ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ૦૬.૦૦ થી ૦૭.૦૦ કલાકે સર્જકની સર્જનયાત્રા અંતર્ગત બળવંત જાની દ્વારા ઝવેરચંદ મેઘાણીની સર્જનયાત્રા યોજવામા આવેલ જેમાં લોકસાહિત્ય સાથે સંકળાયેલા ભીખુદાન ગઢવી અને તેમના સહકલાકારો દ્વારા યોજાયો હતો. અમદાવાદ નેશનલ બુક ફેરના બીજા દિવસે પણ હજારોની સંખ્યામાં પુસ્તક અને સાહિત્યપ્રેમી શહેરીજનો, વિદ્યાર્થીઓ, નાના બાળકો-ભુલકાઓ વગેરેએ બુક ફેરની મુલાકાત લીધી હતી.

# હિન્દુસ્તાનમાં મહાત્મા ગાંધીને સત્યનિષ્ઠ વીરપુરુષ રૂપે ગોપાલકૃષ્ણ ગોખલેજી મળ્યા

ગોખલે એક એવા મહાન પુરુષ થઇ ગયા છે કે તેમના મરણથી હિંદની 33 કરોડની વસ્તી રુદન કરે છે. મરતા સુધી તેમના વિચારો દેશસેવામાં જ હતા અને સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી તેમના આત્મારુપ હતી. બીજાઓનાં કરતાં હું મરહૂમના સંબંધમાં કાંઇક વધારે આવ્યો છું તે ઉપરથી હું જોઇ શક્યો છું કે તેઓ એક બાહોશ નર હતા. તેઓએ જન્મી અને મરી બંને જાણ્યું હતું.


ગોપાલકૃષ્ણ ગોખલેના નિધન બાદ થોડા સમય પછી ગોખલેજીના સ્મારક નિધિ માટે ભાષણ કરતાં તેમણે જો કે બહુ ઓછા શબ્દોમાં સ્પષ્ટ કહ્યું કે અમો અહીં ફાળા માટે આવેલા છીએ તેમ નથી. તમોને ચારિત્ર્યથી એમ લાગે કે મરહૂમે જે દેશસેવા બજાવી છે તેના સ્મારક ફંડમાં કંઇ રકમ આપણે ભરવી જણાય તો જ સ્મારક ફંડમાં રકમ પછવાડેથી મોકલી દેશો. અમે શરમથી રકમ ભરાવવા માગતા નથી. પણ ઇચ્છા થાય તો જ રકમ ભરવી.

(જુઓ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, ૧૩૭, ગોંડલમાં ગોખલે વિશે ભાષણ), (૧૩૮, જેતપુરમાં ગોખળે સ્મારક નિધિ માટે ભાષણ, પૃષ્ઠ : ૧૪૦)

ગોખલેજીના અવસાનના બરાબર એક સપ્તાહ પહેલાં મુંબઇમાં ભારત સેવક સમાજમાં સન્માન પ્રત્યુત્તર આપતા મહાત્મા ગાંધીએ ૧૪ જાન્યુઆરી, ૧૯૧૫માં ગોખલેને રાજકીય ગુરુ અને નેતા તરીકે સ્વીકારતાં ઉપસ્થિત સ્ત્રી-પુરુષોને ભારત સેવક સમાન સદસ્ય તરીકે કામ કરવાનો મોકો મળ્યો તે બદલ ભાગ્યશાળી લેખાવ્યા હતા. ગુરુજી ગોખલેના અવસાનના સમાચાર ગાંધીજીને વિક્ષિપ્ત કરી ગયા હતા. ઉદારમતવાદી પુરુષ અને ધારાસભા વાદી એવા ભારત સેવક સમાજના પ્રમુખ હૃદયનાથ કુંઝરુંને માત્ર એટલું જ લખી શકે છે 'શ્રી ગોખલે ગુજરી ગયા. રાતના મેલમાં પુના જાવ છું. છીવકી સ્ટેશને મને મળો. મારી સાથે આવો તો વધારે સારું.'

(ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, પૃષ્ઠ : ૨૪)

૨૦, ફેબ્રુઆરી ૧૯૧૫ના બીજા બે પત્રોની નોંધ પણ સાવ ટુંકી મળે છે. કરશનદાસ ચિતળીયાને લખે છે ભયંકર સમાચાર મળ્યા ને ટ્રાન્સવાલ હિન્દી બ્રિટીશ સંઘને બે લીટીમાં લખે છે ગોખલે ગુજરી ગયા. સાર્વત્રિક શોક સુચવું છે. અમે બધાં એકટાણા પર.




- આમ તો ગાંધીમાં થોડા શબ્દોમાં ઘણું સમજાવી શકે એવી લેખન હથરોટી હતી પરંતુ ગોખલેના અવસાનના સમાચાર ૨૮ વર્ષે ભારત પરત ફરેલા અને દેશની માટે કંઇ પણ કાર્ય અમલ પહેલાં સમગ્ર દેશનું મૂંગા મોંએ ભ્રમણ કરવાની જેમની સુચના માથે ચડાવી હતી એવા ગોખળેજી જ ગુજરી જતાં મહાત્મા ગાંધીને વજ્રઘાત લાગ્યો હતો એમ તેમના લખાણો અને ભાષણોમાંથી સમજી શકાય છે.

શાંતિનિકેતનમાં પ્રવચન આપતા મહાત્મા કહે છે. રામાયણમાં પણ સત્સંગનો મહિમા છે. આપણે એવા લોકોના સત્સંગની ઇચ્છા કરવી જોઇએ કે જેમણે કષ્ટ ભોગવ્યું હોય અને બીજાની સેવા કરી હોય અને એમ કરતાં પ્રાણ આપ્યા હોય. ગોખળે એવી વ્યક્તિ હતા. તેઓ અવસાન પામ્યા છે. પણ એમનું કાર્ય અવસાન પામ્યું નથી. તેમના તમામ કાર્યોનું મૂળ સત્ય હતું. તેમનો આત્મા અમર છે. તેમની જુદા જુદા કામોમાં ચિવટની વાતના ઉલ્લેખ સાથે ગાંધીજી કહે છે ગોખલેજી પોતાના ભાષણો પોતાના રક્ત વડે લખતાં હતા એમ કહેવાનું મન થાય.

દલપતરામ ભવાનજી શુક્લને લખેલા પત્રમાં પણ ગોખલેજીની વિદાય બાબતે ગાંધી ઘેરા શોકે કહે છે પૂજ્ય ગોખલેજી જતાં હું પાંખ વિનાનો થઇ ગયો છું.

ભારત ભ્રમણ સમયે વખતોવખત જુદા જુદા પ્રાંત-નગર કે કસ્બાઓમાં તેમના સન્માન સમારંભોમાં પણ તેમને ગોખલેજીને અચૂક યાદ કર્યા હતા. કલકત્તાની મોઢ જ્ઞાતિના સત્કાર સમારંભમાં તેમણે મળેલા માનપત્રના પ્રત્યુત્તરમાં જવાબ વાળતી વખતે તેઓ બોલ્યા હતા કે મિ. ગોખલેના કવખતના મરણથી એક મિત્ર, એક માર્ગદર્શન અને એક તત્ત્વવેતા કે જેમને પગલે માતૃભૂમિની સેવા બજાવવામાં હું ચાલ્યો હતો તેમને મેં ગુમાવ્યો છે. મરનારે પોતાના મોતના બિછાનેથી, પોતાના મિત્રોને એવો આગ્રહ કર્યો હતો કે હિંદીઓએ માતૃભૂમિ તરફ સાચા રહીને દેશની સેવા બજાવવી.

(ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, ૪૧, કલકત્તાની મોઢ જ્ઞાતિના સત્કાર સમારંભમાં ભાષણ, પૃષ્ઠ-૩૪)

સને ૧૯૦૨માં ગોખલેને પહેલીવાર મારા રાજકીય ગુરુ તરીકે પિછાન્યા હતા. જે કાંઇ શીખવાની મને જરુર લાગી તે બધું હું એમને ચરણે બેસીને શીખ્યો હતો.

દક્ષિણ આફ્રિકામાં હિન્દી ગિરમીટિયા મજૂરોની સમસ્યા સામે સૌપ્રથમવાર અવાજ ઉઠાવનાર તરીકે ગોખળેને મુત્સદી રાજપુરુષ લેખાવતા તેમણએ વાઇસરોયની કાઉન્સિલમાં અત્યંત તર્કપૂર્ણ રીતે પ્રશ્ન રજૂ કરનાર ગોખલેના વખાણ પણ કર્યા હતા.

ગાંધી લખે છે, "હું ભારતમાં એવા વીરપુરુષને શોધતો હતો જે ખરેખર સત્યનિષ્ઠ હોય. એ વીરપુરુષ મને ગોખલેના રુપમાં મળી આવ્યો. દેશની સેવાને ખાતર તેમણે બધા સુખનો ત્યાગ અને સ્વાર્થનો ત્યાગ કર્યો હતો. કષ્ટદાયક દર્દથી માંદગીના બિછાને હોવા છતાં દાકતરોએ સંપૂર્ણ આરામની સલાહ સાથે નિવૃત્તિ લેવા કહેલું પણ તેમણે માનેલું નહીં. અને દેશની સેવા કાજે મોતે જ એમને શાંતિ ભર્યો આરામ આપ્યો."

(ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, ગોખલેના અવસાન પ્રસંગે શાં.નિ.માં ભાષણ, પૃષ્ઠ : ૨૬)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)